**સને ૨૦૦૧ની વસ્તીના ધોરણે નગરપાલિકાઓના અ, બ, ક, ડ વર્ગોમાં વર્ગીકૃત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
પરિપત્ર ક્રમાંક : નપમ-૧૧૨૦૦૫-૧૪૯૮-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- ૦૧/૦૩/૨૦૦૫

**-:: પરિપત્ર ::-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૫-૭-૯૫ના ઠરાવ ક્રમાંક : મકમ-૧૧૮૮-૨૩૬૧-૨ થી ગુજરાત રાજયની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને ચુકવવામાં આવતા અનુદાન (ગ્રાન્ટ ઇન એઇડ કોર્ડ હેઠળ) ના ધોરણો અંગે સંકલીત ઠરાવ બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવમાં વહીવટી સરળતા ખાતર વસતીના ધોરણે નગરપાલિકાઓનું નીચે દર્શાવ્યા મુજબ ક, ખ અને ગ વર્ગમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે.

| ક્રમ | નગરપાલિકાની વસતી | વર્ગીકરણ |
|---|---|---|
| ૧ | ૧ લાખ ઉપરની વસતી | ક |
| ૨ | ૫૦,૦૦૦ અને ૧ લાખ ઉપરની વસતી | ખ |
| ૩ | ૫૦,૦૦૦ કરતા ઓછી વસતી | ગ |

રાજય સરકારે નગરપાલિકાના મુખ્ય અધિકારીઓની કોમન કેડર કરેલ છે. તે તેમજ વહીવટી સરળતાના હેતુસર હાલમાં નીચે મુજબનું વર્ગીકરણ અમલમાં છે.

| ક્રમ | વર્ગ | વસતી | નગરપાલિકાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અ | ૧ લાખ ઉપર | ૯ |
| ૨ | બ | ૫૦,૦૦૦ થી ૧ લાખ | ૩૧ |
| ૩ | ક | ૨૫,૦૦૦ થી ૫૦,૦૦૦ | ૪૪ |
| ૪ | ડ | ૧૫,૦૦૦ થી ૨૫,૦૦૦ | ૫૭ |
| | | કુલ :- | ૧૪૧ |

ઉપર્યુકત સંખ્યા ૧૯૯૧ની વસતી ગણતરીના આધારે નકકી કરવામાં આવેલ છે. પરંતુ હવે ૨૦૦૧ની વસતી ગણતરીના આંકડા ઉપલબ્ધ છે. ૧૯૯૧થી ૨૦૦૧ના ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન નગરોની વસ્તીમાં વધારો થયેલ છે. જે ધ્યાનમાં લેતા અ, બ, ક અને ડ વર્ગની નગરપાલિકાઓની સંખ્યામાં ફેરફાર થાય છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | | | |
|---|---|---|---|---|---|
| | | અ | બ | ક | ડ |
| ૧ | વલસાડ | - | વલસાડ<br>વાપી | પારડી | ધરમપુર |
| ૨ | નવસારી | નવસારી | વિજલપોર,<br>બીલીમોરા | - | - |
| ૩ | સુરત | - | બારડોલી | વ્યારા | સોનગઢ |
| ૪ | ભરૂચ | ભરૂચ | અંકલેશ્વર | જંબુસર | - |
| ૫ | નર્મદા | - | - | રાજપીપળા | - |
| ૬ | વડોદરા | - | ડભોઇ | પાદરા, કરજણ | છોટાઉદેપુર |
| ૭ | પંચમહાલ | ગોધરા | - | હાલોલ, લુણાવાડા,<br>સંતરામપુર | કાલોલ |
| ૮ | દાહોદ | - | દાહોદ | ઝાલોદ | દેવગઢ-બારીયા |
| ૯ | ખેડા | નડીયાદ | - | કપડવંજ,ચકલાસી,<br>બાલાસીનોર,<br>મહેમદાવાદ | ડાકોર, ખેડા,<br>મહુધા |
| ૧૦ | આણંદ | આણંદ | ખંભાત | બોરસદ, પેટલાદ,<br>ઉમરેઠ,<br>વલ્લભવિદ્યાનગર,<br>કરમસદ | આંકલાવ, ઓડ,<br>બોરીયાવી |
| ૧૧. | સાબરકાંઠા | - | હિમંતનગર,<br>મોડાસા | ઈડર, ખેડબ્રહ્મા | પ્રાંતીજ, તલોદ |
| ૧૨. | બનાસકાંઠા | પાલનપુર | ડીસા | - | થરાદ, ધાનેરા |
| ૧૩. | પાટણ | પાટણ | સિધ્ધપુર | રાધનપુર | હારીજ, ચાણસમા |
| ૧૪. | મહેસાણા | - | મહેસાણા,<br>વીસનગર, કડી,<br>ઉંઝા | વડનગર | વીજાપુર, ખેરાલુ |
| ૧૫ | ગાંધીનગર | કલોલ | ચાંદખેડા | દહેગામ, માણસા | - |
| ૧૬ | અમદાવાદ | વેજલપુર,<br>ઘાટલોડીયા | રાણીપ,<br>ચાંદલોડીયા,<br>ધોળકા,<br>વીરમગામ | જોધપુર, વસ્ત્રાલ,<br>મેમનગર, કાળી,<br>સાણંદ, બાવળા,<br>ધંધુકા,રામોલ | સરખેજ ઓકાફ |
| ૧૭ | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા, વઢવાણ | લીમડી, થાનગઢ | હળવદ |
| ૧૮. | ભાવનગર | બોટાદ | મહુઆ,<br>પાલીતાણા | શિહોર, ગારીયાધર,<br>ગઢડા, તળાજા | |
| ૧૯. | અમરેલી | - | અમરેલી,<br>સાવરકુંડલા | રાજુલા, બગસરા,<br>જાફરાબાદ | લાઠી, ચલાલા |
| ૨૦ | જુનાગઢ | વેરાવળ-પાટણ | કેશોદ, માંગરોળ,<br>ઉના | કોડીનાર, માણાવદર | ચોરવાડ,<br>વીસાવદર,<br>વનથલી, બાટવા |
| ૨૧. | પોરબંદર | પોરબંદર | - | છાયા | રાણાવાવ,<br>કુતીયાણા |
| ૨૨. | જામનગર | - | - | નવાગામઘેડ,<br>ખંભાળીયા,<br>દ્વારકા, સલાયા | કાલાવાડ, ધ્રોલ,<br>જામજોધપુર,<br>ભાણવડ |
| ૨૩ | રાજકોટ | જેતપુર, મોરબી | ગોંડલ, ધોરાજી,<br>ઉપલેટા | જસદણ, વાંકાનેર | ભાયાવદર |

| ક્રમ | જીલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | | | |
|---|---|---|---|---|---|
| | | અ | બ | ક | ડ |
| ૨૪. | કચ્છ | ગાંધીધામ | ભુજ, અંજાર | માંડવી | ભચાઉ, રાપર |
| ૨૫ | ડાંગ | - | - | - | - |
| | કુલ :- | ૧૭ | ૩૬ | ૫૨ | ૩૬ |

ઉપર્યુકત વિગતો મુજબ હવે કુલ ૧૪૧ નગરપાલિકા પૈકી અ-વર્ગની ૧૭, બ-વર્ગની ૩૬, ક-વર્ગની ૫૨ અને ડ-વર્ગની ૩૬ નગરપાલિકાઓ થાય છે. આ નગરપાલિકાઓને અનુદાન આપવા માટેના ધોરણો જે તા.૧૫-૭-૧૯૯૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. તેમજ ગુજરાત નાણાપંચની ભલામણોનો રાજ્ય સરકારે સ્વીકાર કરી હુકમો કરેલ છે. તે મુજબના સુધારા સાથેના ધોરણો યથાવત રહે છે. આથી સંબંધ કરતા સૌના ધ્યાન પર આ બાબત લાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.ગોહીલ)
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શ.વિ.)ના અંગત સચિવશ્રી
- નગરપાલિકા નિયામકશ્રી, ગાંધીનગર.
- પ્રાદેશિક નગરપાલિકા, નિયામકશ્રી, ગુજરાત રાજય, રાજકોટ
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ, અમદાવાદ
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
- પ્રમુખશ્રી / વહીવટદારશ્રી સર્વે નગરપાલિકાઓ.
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા, પરિષદ આણંદ, જી.ખેડા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- પસંદગી ફાઇલ.
- મદદનીશ પસંદગી ફાઇલ.